**નવી સેવા વર્ષ–૨૦૧૩–૧૪.**

હોમગાર્ડઝ હેડ કવાર્ટસના તાબા હેઠળના સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટયુટ તથા વડોદરા જિલ્લાના જરોદ તાલીમ કેન્દ્ર ખાતે એરકન્ડીશનરની ખરીદીની વહીવટી ખર્ચ કરવાની મંજુરી બાબતે..

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
**ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૨/૨૧૫૯/ફ,**
સચિવાલય,ગાંધીનગર,
તારીખઃ– ૧/૦૪/૨૦૧૩.

**વંચાણે લીધાઃ–**

**(૧)** કમાન્ડન્ટ જનરલશ્રી,હોમગાર્ડઝ,ગુ.રા.,અમદાવાદના પત્ર ક્રમાંકઃકજ/મેઈન્ટે/નવી સેવા/(એરકનીશ્નર)/૫૨/૧૩૨–૩૩/૨૦૧૩.

**ઠરાવ :–**

કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, લાલદરવાજા, અમદાવાદના નિયંત્રણ હેઠળના સેન્ટ્રલ ટ્રેનિગ ઈન્સ્ટીટયુટ, દાંતીવાડા–બનાસકાંઠા તથા વડોદરા જિલ્લાના જરોદ તાલીમ સેન્ટર ખાતે એરકન્ડીશ્નર ખરીદવાની બાબત આમુખ(૧) માં દર્શાવેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી. આ બાબતે પુખ્ત વિચારણાને અંતે સેન્ટ્રલ ટ્રેનિગ ઈન્સ્ટીટયુટ,દાંતીવાડા–બનાસકાંઠા તથા વડોદરા જિલ્લાના જરોદ તાલીમ સેન્ટર ખાતે ફાયરીંગ સ્ટીમ્યુલેટરને બહારના વાતાવરણની વિપરીત અસર ન થાય તે માટે ૨ ટનના ૪ (ચાર) નંગ એરકંડીશનર્સ રુા.૨,૦૦,૦૦૦/– (અંકે રુપિયા બે લાખ પુરા)ની મર્યાદામાં રહીને ખરીદવા અંગેની બાબતને નીચેની શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૩–૧૪ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી તથા બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૪) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ– ટેન્ડરીગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ તા.૧/૪/૨૦૧૩ પછી જ કરવાનો રહેશે.

૨//. આ અંગેનો થનાર ખર્ચ નીચે જણાવેલ વિગતે ગૃહરક્ષક દળના સદરે સને ૨૦૧૩–૧૪ ના અંદાજપત્રમાં મંજુર થયેલ ગ્રાન્ટમાંથી ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | માંગણી નંબર | ૪૬ |
| ૨. | મુખ્ય સદર | ૨૦૭૦–અન્ય વહીવટી સેવાઓ |
| ૩. | પેટા મુખ્ય સદર | ૦૦ |
| ૪. | ગૌણ સદર | ૧૦૭– ગૃહ રક્ષક દળ |
| ૫. | પેટા સદર | (૦૧) ગૃહ રક્ષક દળ |
| ૬. | ખર્ચનો પ્રકાર | ૭૫ % પ્લાન / ૨૫ % નોન–પ્લાન |
| ૭. | ખર્ચનું હેડ ચાર્જેબલ | ૨૦૭૦ ૦૦ ૧૦૭ ૦૧ |
| ૮. | પ્લાન યોજનાનો કોર્ડ | ૧૧૪૫૨૫ |

૩//. આ ઠરાવ આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ પર અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણાવિભાગની તા.૨૫/૦૩/૧૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેછે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(ઉમેશ શર્મા)**
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

**પ્રતિ,**

(૧) ડાયરેકટર જનરલશ્રી,હોમગાર્ડઝ,ગુજરાત રાજય,લાલ દરવાજા,અમદાવાદ.
(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
(૩) જિલ્લા તિજોરી અધિકારીશ્રી,અમદાવાદ / વડોદરા/પાલનપુર
(૪) નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૫) નાણાં સલાહકારશ્રી(ગૃહ) નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૬) બજેટ શાખા,ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૭) શાખા સિલેકટ ફાઈલ.